# ગાંધીનગર જિલ્લા રેડક્રૉસ શાખા દ્વારા સેવા-સફળતાનું અનોખું અભિવાદન

ગાંધીનગર, તા. ૧૫

છેલ્લાં પાંચ વર્ષથી ગાંધીનગરમાં પ્રવૃત્ત ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી ગાંધીનગર જિલ્લા શાખા દ્વારા આજે શહેરમાં એક અનોખા સેવા-સફળતા અભિવાદન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

ગાંધીનગર શહેરમાં રક્તદાનની પ્રવૃત્તિ સાથે સંકળાયેલી ૨૦ જેટલી સંસ્થાઓ અને ચાલુ વર્ષે સંસ્થાના વાઈસ ચૅરમેન જિજ્ઞેશ રાવલ દ્વારા આપવામાં આવ્યો હતો.

અભિવાદન કાર્યક્રમ બાદ પોતાના વક્તવ્યમાં પૂ. ગુરુમાએ નવનિયુક્ત ડીવાયઍસઓને પોતાની ફરજ નિષ્ઠાપૂર્વક બજાવવાની શીખ આપતાં ફરજમાં ખોટી લાલચ ન રાખવાની સલાહ પણ આપી હતી. તેમણે યુવાનોને પોતાની ફરજ એવી રીતે બજાવવાની સલાહ



તસવીર : કમલેશ શાહ

સચિવાલયમાં નિયુક્તિ પામેલા ગાંધીનગર જિલ્લાના ૭૧ ડેપ્યુટી સૅક્શન ઑફિસર્સનું અભિવાદન આ કાર્યક્રમ અંતર્ગત કરવામાં આવ્યું હતું. સાથે સાથે ગાંધીનગર રેડક્રોસની ભગિની સંસ્થા જુનિયર સિટીઝન કાઉન્સીલમાં એક માસ ઈન્ટર્નશીપ કરી ચૂકેલા પંડિત દિનદયાળ ઉપાધ્યાય પૅટ્રોલિયમ યુનિવર્સિટીના ૨૨ વિદ્યાર્થીઓનું અભિવાદન પણ કરવામાં આવ્યું હતું.

ફાર્મસી કૉલેજ હૉલ, સૅક્ટર-૨૩ ખાતે આજે સવારે આયોજિત આ કાર્યક્રમના અતિથિ તરીકે સમદર્શન આશ્રમ, ગાંધીનગરનાં આચાર્ય પૂ. ગુરુમા સમાનંદ સરસ્વતી, આશ્રમના અનુયાયી અને ડેપ્યુટી સૅક્રેટરી કિરીટભાઈ અધ્વર્યુ મહિલા અને બાળવિકાસ રાજ્યમંત્રીના અંગત સચિવ સુનીલભાઈ સોની તથા રાજ્યના મુખ્ય સચિવના ઉપ સચિવ કેતનભાઈ સુથાર ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમની શરૂઆત શ્રી પી કે ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજની વિદ્યાર્થીનીઓ દ્વારા પ્રાર્થનાથી કરવામાં આવી હતી. ત્યારબાદ ગાંધીનગર રેડક્રોસના પ્રમુખ હિરેન શાસ્ત્રી દ્વારા સ્વાગત પ્રવચન આપવામાં આવ્યું હતું. સુતરની આંટી તથા સ્મૃતિચિન્હથી અતિથિઓના સ્વાગત બાદ સંસ્થા તથા તેની કાર્યપ્રવૃત્તિઓનો પરિચય આપી હતી કે જેનાથી સ્વયંનું પણ કલ્યાણ થાય અને સમાજનું પણ કલ્યાણ થાય.

સુનીલભાઈ સોનીએ સચિવાલય પરિવારમાં યુવા સભ્યોને આવકારતાં તેમને સચ્ચાઈથી અને નીડરતાથી ફરજ બજાવવાની સલાહ આપી હતી અને જરૂર પડે ત્યાં પોતાનો દૃષ્ટિકોણ યોગ્ય રીતે રજૂ કરવાની શીખ પણ આપી હતી. ફરજમાં અંતરાયો આવે ત્યારે નિરાશ થયા વિના આગળ વધતા રહેવાની પ્રેરણા પણ તેમણે યુવા કર્મચારીઓને આપી હતી.

કેતનભાઈ સુથારે પોતાના સરકારી ફરજના અનુભવો રજૂ કરી યુવા નિયુક્તોને પોતાની ફરજ પ્રત્યે નિષ્ઠાવાન રહેવાની સલાહ આપી અહીંથી જ કેરિયર ઘડવાની શીખ આપી હતી.

સમગ્ર કાર્યક્રમનું રસવાહી સંચાલન કુંતલ નિમાવત દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંતમાં આભાર દર્શન ગાંધીનગર રેડક્રોસના સૅક્રેટરી કમલ ચૌધરી દ્વારા કરવામાં આવ્યું હતું.

સંસ્થાના ચેરમેન જયેન્દ્રભાઈ પરીખના માર્ગદર્શનમાં કાર્યક્રમને સફળ બનાવવા માટે મેહુલભાઈ શાસ્ત્રી, હેમલ કોંઢિયા અને પ્રજ્ઞેશ રાવલે જહેમત ઊઠાવી હતી.

# એલ.સી.બી.એ નિર્માણ ભવન પાસેથી ચાર શકુનીઓ ઝડપ્યા

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર સેક્ટર-૧૦ ખાતે આવેલ નિર્માણ ભવન પાસે કેટલાક ઈસમો જુગાર રમતા હોવાની બાતમીના આધારે એલ.સી.બી. પોલીસે રેડ કરી કુલ ૪ ઈસમોને રંગેહાથ જુગાર રમતા ઝડપી પાડ્યા હતા અને કુલ ૬૦૩૦ નો મુદ્દામાલ કબજે લઈ સેક્ટર-૭ પોલીસને સોંપ્યા હતા. જે અંગે જમાદાર કાનાભાઈ વધુ તપાસ ચલાવી રહ્યા છે. મળતી માહિતી અનુસાર ગાંધીનગર સેક્ટર-૧૦માં આવેલ નિર્માણ ભવન ખાતે કેટલાક ઈસમો ગંજી પાનાનો જુગાર રમે છે અને રમાડી રહ્યા છે તેવી ચોક્કસ બાતમીના આધારે ગતરોજ સાંજના સુમારે ગાંધીનગર એલ.સી.બી.ના માણસોએ બાતમી સ્થળે દરોડો પાડ્યો હતો અને ખુલ્લામાં ગંજી પાનાનો જુગાર રમતા ચાર ઈસમો કનૈયાલાલ દલસુખભાઈ પટેલ, મહેન્દ્રસિંહ નટવરસિંહ ગોહિલ, ભગવાનભાઈ બળદેવભાઈ ઠાકોર અને વસીભાઈ પ્રહલાદભાઈ ગજ્જરને રંગેહાથ ઝડપી પાડ્યા હતા અને તેમની પાસેથી જુગાર સાહિત્ય દાવમાં મુકેલા રોકડ રૂપિયા અને ફોન મળી કુલ રૂ. ૬૦૩૦ નો મુદ્દામાલ કબજે કર્યો હતો અને સેક્ટર-૭ પોલીસમથકને સોપ્યા હતા જે અંગેની તપાસ હાલ સેક્ટર-૭ પોલીસ જમાદાર કાનાભાઈ કરી રહ્યા છે.

## ગાંધીનગરના પેન્શનર્સ સભ્યોએ બેંકમાં હયાતીનો નોંધ કરાવી લેવી

*ગાંધીનગર, તા. ૧૫*

ગાંધીનગર તાલુકા નિવૃત્ત કર્મચારી મંડળના પ્રચાર પ્રસાર મંત્રી જિતેન્દ્રભાઈ પુરોહિતે એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે નગરના જે પેન્શનર્સ સભ્યો છે તેઓએ ચાલુ માસમાં એટલે કે જુલાઈ-ઓગષ્ટ માસ સુધીમાં પોતે જે બેંકમાંથી પેન્શન મેળવતા હોય ત્યાં પોતાની હયાતીની નોંધ કરાવી દેવી. આ બે માસમાં હયાતીની નોંધ ન કરાવનારને સપ્ટેમ્બર માસથી પેન્શન બંધ થઈ જશે. નિવૃત્ત કર્મચારીઓએ દર વર્ષે જુલાઈ-ઓગષ્ટમાં પોતાની હયાતીની નોંધ પોતાનું પેન્શન આવતું હોય તે બેંકમાં કરાવાની હોય છે. જુલાઈ અને ઓગષ્ટ માસમાં જે બેંકમાંથી પેન્શન મેળવતા હોય ત્યાં પાસબુક, પી.પી.ઓ. નંબર સાથે રૂબરૂ જઈ હયાતીની નોંધ કરાવવાની હોય છે. હયાતીની નોંધ કરવામાં નહીં આવે તો માહે સપ્ટેમ્બર માસથી પેન્શન બંધ થઈ જશે તાલુકા પેન્શનર મંડળોના પદાધિકારીઓ દ્વારા કુટુંબ પેન્શનરોને હયાતી કરાવી લેવા મદદરૂપ બનવા જણાવવામાં આવે છે.

## ભટ્ટ મેવાડા સમાજ દ્વારા શ્રાવણ માસમાં શિવ મહિમ્ન પાઠ યોજાશે

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર ભટ્ટ મેવાડા સમાજ દ્વારા દર વર્ષની જેમ ચાલુ વર્ષે પણ શ્રાવણ માસના પવિત્ર દિવસોમાં શિવ મહિમ્ન પાઠ અને લઘુરૂદ્રનું આયોજન કરવામાં આવ્યું છે.

શિવની શક્તિ અને ભક્તિનો સમય એટલે શ્રાવણ માસ. શ્રાવણ માસના પવિત્ર દિવસોમાં ભટ્ટ મેવાડા સમાજના સભ્યોના નિવાસે દર વર્ષની જેમ લઘુરુદ્ર અને શિવમહિમ્નના પાઠ યોજાશે. શ્રાવણી સોમવારે લઘુરુદ્ર અને શિવ મહિમ્નના પાઠની નોંધ કરાવવા જ્ઞાતિજનોએ વ્યોમેશભાઈ દિક્ષિત કે પ્રકાશભાઈ ભટ્ટનો સંપર્ક કરવો.

દરરોજ મહિમ્નના પાઠ વખતે જ્ઞાતિજનોના ઘરે ઉપસ્થિત રહેવા ખાસ જણાવાયું છે. મહિમ્નના પાઠની યાદી દરેકને ઘરે મોકલી આપવામાં આવશે જેથી વેળાસર નામ નોંધાવવા પ્રકાશભાઈ ભટ્ટે અનુરોધ કર્યો છે.

## આજે વિદ્યાભારતી કેન્દ્રમાં અન્નપ્રાશન સંસ્કાર વિધિ યોજાશે

ગાંધીનગર, તા. ૧૫

વિદ્યાભારતી અધ્યયન, પ્રશિક્ષણ અને સંશોધન કેન્દ્ર દ્વારા આજે સોમવારે સવારે ૯ કલાકે અન્નપ્રાશન સંસ્કાર વિધિનો કાર્યક્રમ યોજવામાં આવશે.

હિન્દુ સંસ્કૃતિના પરિચાયક સોળ સંસ્કારોમાંનો એક સંસ્કાર એટલે અન્નપ્રાસન સંસ્કાર છે. બદલાયેલા યુગમાં અન્નપ્રાસન સંસ્કાર વિધિનો લોકોને પુનઃ પરિચય થાય તે હેતુસર વિદ્યાભારતી અધ્યયન, પ્રશિક્ષણ અને સંશોધન કેન્દ્ર દ્વારા વિદ્યાભારતી કેન્દ્ર, દેનાબેંક સામે, સેક્ટર-૨૨, ગાંધીનગર ખાતે આવતીકાલે સવારે ૯ કલાકે અન્નપ્રાસન સંસ્કાર વિધિનો કાર્યક્રમ યોજાશે.

અન્નપ્રાશન સંસ્કાર વિધિમાં સૌ નગરજનોને પધારવા કેન્દ્રના પ્રધાનાચાર્યા દ્યુતિ પુરોહિતે ખાસ નિમંત્રણ પાઠવ્યું છે.

## રાજ્ય કર્મચારી મંડળના આંદોલનને ગાંધીનગર તાલુકા નિવૃત્ત કર્મચારી મંડળનો ટેકો

ગાંધીનગર, તા. ૧૫

ગુજરાત રાજ્ય કર્મચારી મંડળે પોતાના પ્રશ્નોના ઉકેલ માટે આંદોલન ચલાવ્યું છે. મંડળ દ્વારા ચાલતા આંદોલને ગાંધીનગર તાલુકા નિવૃત્ત કર્મચારી મંડળે ટેકો જાહેર કર્યો છે અને મંડળના પ્રશ્નો પ્રત્યે સરકાર ઉકેલ લાવે તેવો અનુરોધ કર્યો છે.

રાજ્ય સરકારના કર્મચારીઓ છેલ્લા ઘણા સમયથી પોતાના સ્થાનિક પ્રશ્નોની રજૂઆતો અધિકારીઓ સમક્ષ રજૂ કરતા આવ્યા છે. વારંવારની રજૂઆતો છતાં ઉકેલ ન આવતા ગુજરાત રાજ્ય કર્મચારી મંડળે આંદોલનનો માર્ગ અપનાવ્યો છે. ગુજરાત રાજ્ય કર્મચારી મંડળના આંદોલનને ગાંધીનગર તાલુકા નિવૃત્ત કર્મચારી મંડળે ટેકો જાહેર કર્યો છે. તેમના પ્રશ્નો સરકારે તાકીદે ઉકેલવા અનુરોધ કર્યો છે.

આ ઉપરાંત રાજ્યના ત્રણ લાખ પેન્શનરોના અટવાયેલા પ્રશ્નોનો ઉકેલ લાવવા માટે માંગણી કરી છે. આજના કર્મચારીઓ આવતીકાલના પેન્શનર્સ છે. તેની નોંધ પણ લેવામાં આવી છે.

## કેસરિયા ગૃપ દ્વારા ૧૭મીએ સુંદરકાંડના પાઠ યોજાશે

### અંબાજી માતાની વાડી, રાંધેજા ખાતે આયોજન

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર જિલ્લાના રાંધેજા ગામે આવેલા કેસરિયા ગૃપ દ્વારા તા. ૧૭મી જુલાઈ-૨૦૧૨ને મંગળવારે સુંદરકાંડના પાઠનું આયોજન કરવામાં આવ્યું છે.

જાણીતા કથાકાર અશ્વિન પાઠકની વ્યાસપીઠે રાંધેજા ગામની સાર્વજનિક હોસ્પિટલ પાસે આવેલા અંબાજી માતાની વાડી ખાતે તા. ૧૭મી જુલાઈ-૨૦૧૨ને મંગળવારના રોજ રાત્રે ૮.૩૦ કલાકે સુંદરકાંડના પાઠ યોજાશે. કેસરિયા ગૃપ દ્વારા આયોજીત સુંદરકાંડના પાઠમાં સૌ નગરજનોને પધારવા ખાસ નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## ગાંધીનગર શહેર જિલ્લા કોગ્રેંસ સમિતિના બક્ષી પંચના અધ્યક્ષ તરીકે શ્રી રમેશભાઈ દેસાઈ



ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર જિલ્લા કોગ્રેંસ સમિતિના પ્રમુખશ્રી ડૉ. સી.જે. ચાવડા, શહેર કોગ્રેંસ પ્રમુખશ્રી મુકેશભાઈ પટેલની ભલામણથી ગાંધીનગર શહેર જિલ્લા બક્ષીપંચ મોરચાના પ્રમુખશ્રી જયદિપસિંહ ઠાકોર દ્વારા ગાંધીનગર શહેર કોગ્રેંસના યુવા અગ્રણીશ્રી રમેશભાઈ દેસાઈને બક્ષીપંચ મોરચાના મહામંત્રી પદે અને ગાંધીનગર શહેર જિલ્લા કોગ્રેંસમાં પોલિટીકલ ડિપાર્ટમેન્ટ કારોબરી સભ્ય તરીકે નિમણુંક કરવામાં આવેલ છે. આ નિમણુંકથી શ્રી દેસાઈને અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

## ગાંધીનગરમાં પુરાવા વગર મોબાઈલ વેચતા ઈસમ વિરુધ્ધ ફરિયાદ

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર સેકટર-૨૩માં આવેલ પ્રમુખ પેરેડાઈઝ કોમ્પ્લેક્ષમાં કુબેર એન્ટરપ્રાઈઝ નામની મોબાઈલની દુકાન ધરાવતો એક ઈસમ ખુલ્લેઆમ જિલ્લા કલેકટરના જાહેરનામાનો ભંગ કરી કોઈ પણ પ્રકારના પુરાવા લીધા વગર મોબાઈલ ફોન વેચે છે તથા કોઈ પણ પ્રકારનું રજીસ્ટ્રેશન ધરાવતો નથી તેવી બાતમીના આધારે ગાંધીનગર એસ.ઓ.જી.એ દુકાને દરોડો પાડયો હતો અને સેકટર-૨૧ પોલીસ મથકમાં દુકાન માલિક વિરુધ્ધ ફરિયાદ આપી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

પ્રાપ્ત માહિતી મુજબ અમદાવાદના ઘાટલોડીયા વિસ્તારમાં આવેલી કાંતિ પાર્ક મકાન નં. ૧૩૮માં હાર્દિકકુમાર પટેલ પોતાના પરિવાર સાથે રહે છે અને ગાંધીનગર સેકટર-૨૩માં આવેલા પ્રમુખ પેરેડાઈઝ કોમ્પ્લેક્ષમાં કુબેર એન્ટપ્રાઈઝ નામની મોબાઈલની દુકાન ધરાવે છે અને મોબાઈલ લે-વેચનો ધંધો કરે છે.

પરંતુ દુકાન માલિક દરરોજ મોબાઈલ વેચી ગ્રાહકો પાસેથી કોઈ પણ પ્રકારનું આઈડી પ્રુફ લેતો નથી અને કોઈ પણ પ્રકારનું માલનું રજીસ્ટ્રેશન ધરાવતો નથી જે બાતમીના આધારે ગાંધીનગર એસ.ઓ.જી.એ આજે દુકાને જઈ તપાસ હાથ ધરી હતી પરંતુ કોઈ પુરાવા ન મળતા અને જિલ્લા કલેરટરના જાહેરનામાનો ભંગ કરતા એસ.ઓ.જી.એ દુકાન માલિક વિરુધ્ધ સેકટર-૨૧ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ હતી અને આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## એનએસયુઆઈમાંથી કોઈએ રાજીનામું આપ્યું નથી

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર જિલ્લા એન.એસ.યુ.આઈ.ના પ્રમુખ શ્રી જયદીપ સાધુ અને શ્રી અંકિત બારોટે આજે એક નિવેદનમાં જણાવ્યું છે કે વિદ્યાર્થી પાંખમાં પડેલુ ગાબડુ એ ભાજપના અહેવાલો જુઠ્ઠાણાથી ભરપૂર છે. આ બન્ને આગેવાનોએ જણાવ્યું છે કે જિલ્લા કે શહેર સંગઠ્ઠનમાંથી એક પણ કાર્યકરે રાજીનામુ આપ્યુ નથી અને ભાજપમાં જોડાયા નથી. તેમણે કહ્યું કે વિધાનસભાની આવી રહેલી ચૂંટણીઓને ધ્યાને રાખી ભાજપે જે ગોબેક્સ પ્રચારનો પ્રારંભ કર્યો છે તે નીંદનીય છે. તેમણે જણાવ્યું છે કે વિદ્યાર્થીઓના પ્રશ્નો અંગે એન.એસ.યુ.આઈ. ગાંધીનગરમાં સૌથી વધુ સક્રિય છે. જે આગેવાનોનો નામોલ્લેખ થયો છે તે સંગઠ્ઠનના પ્રાથમિક સભ્યપદે પણ નોંધાયેલા નથી માત્ર ને માત્ર ભાજપનું આ નર્યુ જુઠ્ઠાણુ છે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૦૨

સૂર્યાસ્ત : ૭.૨૮

## તાપમાન

મહત્તમ : ૩૪.૦ ડિ.સે.

લઘુત્તમ : ૨૭.૫ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૭૮ ટકા ● સાંજે ૬૮ ટકા

## મનોરંજન

### સિટી પલ્સ

: સ્ક્રીન-૧ :

કૉકટેલ : ૧૧.૦૦, ૧.૪૫, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૨ :

કૉકટેલ : ૧૦.૦૦

બોલ બચ્ચન : ૧૨.૪૫, ૩.૪૫, ૬.૪૫, ૧૦.૧૫

: સ્ક્રીન-૩ :

કૉકટેલ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

: સ્ક્રીન-૪ :

બોલ બચ્ચન : ૨.૧૫, ૫.૦૦, ૭.૪૫, ૧૦.૩૦

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :

કેવી રીતે જઈશ : ૯.૪૫

કૉકટેલ : ૧૨.૩૦, ૬.૩૦, ૯.૩૦

ધ અમેઝીંગ સ્પાઈડરમેન -૩ડી(હિન્દી) : ૩.૩૦

: સ્ક્રીન-૨ :

બોલ બચ્ચન : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૩ :

કૉકટેલ : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

: સ્ક્રીન-૪ :

કૉકટેલ : ૯.૦૦, ૩.૦૦

બોલ બચ્ચન : ૧૨.૦૦, ૬.૦૦, ૯.૦૦

### સૂર્યા, વાવોલ

હોન્ટેડ હાઉસ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫

ટ્રેડ એક જંગ : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

## આપની આજ

**મેષ** : કૌટુંબિક વાતાવરણ સુમેળભર્યું બની રહે. વડીલોનું માર્ગદર્શન કાર્યક્ષેત્રમાં ઉપયોગી સાબિત થઈ શકે છે. નાણાંભીડ દૂર થઈ શકે છે.

**વૃષભ** : રોજગારીની નવી તક મળી રહે. આર્થિક સ્થિતિ મજબૂત બનતી જણાય. સામાજિક જવાબદારીમાં વધારો થઈ શકે છે. આરોગ્ય સંભાળવું.

**મિથુન** : વેપાર-વાણિજ્ય ક્ષેત્રે નવા રોકાણ થઈ શકે છે. આવકનાં સ્ત્રોતમાં વધારો થઈ શકે છે. રાજકીય ક્ષેત્રે હિતશત્રુઓથી સંભાળવું. સમય મધ્યમ.

**કર્ક** : વેપાર અર્થે થયેલો પ્રવાસ લાભદાયી બની રહે. માનસિક ચિંતા હળવી બનતી જણાય. કુટુંબિજનો સાથે યાત્રા - પ્રવાસનું આયોજન થઈ શકે છે.

**સિંહ** : માનસિક ચિંતા હળવી બનતી જણાય. આવક કરતાં ખર્ચ ન વધે તેની કાળજી રાખવી. જમીન- મકાનની ખરીદી થઈ શકે છે.

**કન્યા** : વેપાર- નોકરીને લઈને થયેલ પ્રવાસ લાભદાયી નીવડી શકે છે. શેર - સટ્ટાકીય બાબતોમાં કાળજી રાખવી. નાણાંભીડ દૂર થઉ શકે છે. સમય શુભ.

**તુલા** : નાણાંભીડ દૂર થઈ શકે છે. ઈષ્ટદેવની ઉપાસના ઈચ્છિત ફળ- પ્રાપ્તિમાં સહાયક બની શકે છે. આસ્મિક ધન-લાભ થઈ શકે છે. સમય શુભ.

**વૃશ્ચિક** : વેપાર -વાણિજ્ય ક્ષેત્રમાં નવા રોકાણો થઈ શકે છે. આર્થિક સ્થિતિમાં સુધારો થઈ શકે છે. કુટુંબિજનો સાથે યાત્રા- પ્રવાસ થઈ શકે છે.

**ધન** : વેપાર અર્થે થયેલો પ્રવાસ લાભદાયી સાબિત થઈ શકે છે. ભૌતિક સુખ સુવિધામાં વધારો થઈ શકે છે. માનસિક ચિંતા હળવી બનતી જણાય.

**મકર** : આવક કરતાં ખર્ચના વધે તેની કાળજી લેવી. ભાગ્યોદયની તક મળી રહે. રોકાયેલા નાણાં પરત મળી શકે છે.

**કુંભ** : રાજકીય ક્ષેત્રે પદ- પ્રતિષ્ઠામાં વધારો થઈ શકે છે. સામાજિક જવાબદારીમાં વધારો થઈ શકે છે. આર્થિક સ્થિતિ મજબૂત બનતી જણાય.

**મીન** : ધર્મ- અધ્યાત્મ ક્ષેત્રે રૂચિ વધતી જણાય. સામાજિક જવાબદારીમાં વધારો થઈ શકે છે. આવક કરતાં ખર્ચ ન વધે તેની કાળજી રાખવી.

## ચિરવિદાય

- સ્વ. ઉષાબેન વિરેન્દ્રભાઈ પુરોહિત (ઉ.વ. ૭૫) પ્લોટ નં. ૧૩૨૩/એ/૧, સેકટર-૭/ડી, ગાંધીનગર.
- સ્વ. જશોદાબેન ગોકળદાસ અળદુ (ઉ.વ. ૮૧) પ્લોટ નં. ૧૦૭૪/૨, સેકટર-૩/ડી, ગાંધીનગર.
- સ્વ. ગુણવંતરાય મુળશંકર ભટ્ટ (ઉ.વ. ૮૩) પ્લોટ નં. ૧૭૫/૧, આનંદવાટીકા સોસાયટી, સેકટર-૨૨, ગાંધીનગર.

# તુ હિન્દુ બનેગા ના મુસલમાન બનેગા ઈન્સાન કી ઔલાદ હૈ ઈન્સાન બનેગા

## જીઈબી કૉલોનીમાં વસતા પ્રવિણકુમાર પંડ્યા અને ગનીભાઈ મનસુરીની કાબિલે તારીફ દોસ્તી



**સંબંધ સજાવે જિંદગી**

**ભાઈ જેવો ભાઈબંધ**

- હર્ષદરાય ઉપાધ્યાય

gsrelation@yahoo.com

વિશ્વમાં અને તેમાંય ખાસ કરીને ભારત જેવા ધર્મ નિરપેક્ષ દેશમાં ધર્મ-કોમ અને જાતીને આધારે સમાજ ઉભો છે અને ભેદરેખાઓની ઝાળમાં ગૂંચવાયેલો છે ત્યારે ધર્મથી ઉપર ઉઠીને સમાજને નવીન રાહ ચિંધતા બે મિત્રોની આ વાત માંડવી છે.

હા ! બે મિત્રો, અને તે પણ બીલકુલ ભિન્ન ધર્મના એક છે હિન્દુ બ્રાહ્મણ અને બીજો છે મૌલાના પાક મુસલમાન. વાત છે ગાંધીનગરના જી.ઈ.બી. કોલોનીના બે મિત્રોની જી.ઈ.બી. કોલોનીમાં ઈ-૩૦/૪માં રહેતા પંડ્યા પ્રવિણકુમાર ભોગીલાલ કે જે લુણાવાડા પાસે ભગતના મુવાડા ગામના બ્રાહ્મણ છે. વ્યવસાયે ઈલેક્ટ્રીશીયન છે અને બીજા છે ટાઈપ ૪ માં ૧૯/૫ માં રહેતા મનસુરી ગનીભાઈ રસુલભાઈ કે જેઓ છાલા ગામના વતની છે.

બંનેની નોકરી સમયાંતરે જી.ઈ.બી. કોલોનીમાં શરૂ થઈ ૧૯૯૨ થી ૧૯૯૮ બંને નોકરીએ જોડાયા. ગનીભાઈ હેલ્પર તરીકે પ્રવિણભાઈની સાથે જોડાયા અને પૂર્વજન્મના બંધનને પ્રતાપે બંને વચ્ચેની મિત્રતા ગાઢ બનતી ગઈ. સવારથી લઈ મોડી રાત સુધી ગમે તે સમયે આ બંને મિત્રો સાથે જ જોવા મળે. ધર્મની ચર્ચા હોય કે અન્ય ગમે તે ચર્ચા હોય, બંનેની વાત કરવાની પધ્ધતિ વિશિષ્ટ જ હોય. મિત્રતા સમય જતાં પારીવારીક બની છે. બંને પરિવારો વચ્ચે ગજબની એક સૂત્રતા જોવા મળે છે. બંનેને ત્રણ બાળકો છે. બાળકો પણ ગાઢ સંબંધથી સંકળાયેલા છે.

એક બીજાને ત્યાં ગમે તે સ્થિતિ હોય અરસપરસ મદદમાં અવ્વલ સ્થાને તેઓ રહે છે. વર્ષ ૨૦૦૦માં પંડ્યાભાઈનાં પત્નીનું અકાળે અવસાન થયું ત્યારે મિત્રો સાથે તેમની મદદે પહોંચવામાં ગનીભાઈ પ્રથમ હતા. શરૂથી છેક સુધી તમામ વિધિના તબક્કે ગનીભાઈ તેમની સાથે જ રહ્યા હતા. એવું જ ૨૦૦૯માં બન્યું. ગનીભાઈના પિતાને ભારે બિમારી વખતે દવાખાને લઈ જવાથી માંડીને હોસ્પિટલ તથા ઘર તમામ જવાબદારી પંડ્યાભાઈએ ઉપાડી લીધી હતી. ગનીભાઈ એક સાચા મુસલમાન છે. તેઓ સુફી સંત છે. મૌલાના છે. પંડયાભાઈ શુદ્ધ ક્રિયાકાંડી બ્રાહ્મણ છે. પરંતુ ધર્મની દિવાલ બંને માંથી કોઈને નડી રહી નથી. રામ-રહીમના નામે ઓળખી શકાય તેવા બંને મિત્રો તમામ તહેવારો પરિવાર સાથે હળીમળીને ઉજવી રહ્યા છે. બંનેના વતનના સૌ સગાં-વહાલાં તેમના આ સંબંધથી ખુશ છે એટલું જ નહીં તેમના પરિવારમાં દૂધમાં સાકર ભળે તેમ તેઓ ભળી ગયા છે. શ્રાવણ માસના ઉપવાસ હોય ત્યારે ગનીભાઈ ઉપવાસ રાખે છે અને રોજા વખતે પંડ્યાભાઈ રોજા રાખી સાચા અર્થમાં જીવન જીવી રહ્યા છે. બંનેનો પહેરવેશ બિલકુલ અલગ છે, ધર્મ અલગ છે, તહેવારો અલગ છે, જીવનશૈલી અલગ છે પરંતુ, અલગ નથી તો તે માત્ર તેમનું મન. અલગ નથી તેમની પ્રેમની અને સંબંધની વ્યાખ્યા. આવી અમર મિત્ર પ્રેમ કહાનીને સો સો સલામ.

'મજહબ નહીં શિખાતા આપસ મેં બૈર રખના, હિન્દી હૈ હમ વતન હૈ હિન્દોસ્તાં હમારા.'